**DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.**

**અહેવાલયોગ્ય**

**ભારતની સર્વોચ્ચ અદાલત સમક્ષ**

**દીવાની અપીલીય હુકુમતક્ષેત્ર**

**દીવાની અપીલ નં. ૫૧૪૭/૨૦૧૬**

ડેક્કન પેપર મિલ્સ કું. લિ. ..... અપીલકર્તા

વિરુદ્ધ

રીજેન્સી મહાવીર પ્રોપર્ટીસ અને અન્યો ... સામાવાળાઓ

**ચુકાદો**

**ન્યાયમૂર્તિ આર.એફ. નરિમાન**

૧. દીવાની અપીલ નં. ૫૧૪૫/૨૦૧૬, ૫૧૫૮/૨૦૧૬ અને ૯૮૨૦/૨૦૧૬માં થેયલ સુનાવણીના પગલે આ અપીલમાં સુનાવણી હાથ ધરવામાં આવી. આ અપીલમાંના વિવાદ સબબ ધ્યાને લેવાના થતાં તથ્યો સંક્ષિપ્તમાં નીચે મુજબ છે.

i. અપીલકર્તા ડેક્કન પેપર મિલ્સ કું. લિ. [હવે પછી અત્રે "ડેક્કન" તરીકે ઉલ્લેખિત] અને સામાવાળા નં.૨ કંપની, મેસર્સ આશ્રય પ્રિમાઇસીસ પ્રા. લિ. [હવે પછી અત્રે "આશ્રય" તરીકે ઉલ્લેખિત] વચ્ચે તારીખ ૨૨/૦૭/૨૦૦૪ના રોજ કરાર કરવામાં આવ્યો, જે મુજબ, ડેક્કનની માલિકીની પુણે જીલ્લાના મૌજે મુંઢવા સર્વે નં. ૯૬બી, ૯૬સી અને ૯૬ડી વાળી ૮૦,૨૦૦ ચો.મી. જમીનમાંથી ૩૨,૬૫૯ ચો.મી. જમીન 'ડેવલપ' કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત કરારની ઝીણવટભરી બાબતોમાં ઉતરવાની જરૂર નથી. જો કે, એટલું નોંધવું પૂરતું છે કે, આ કરારના ક્લોઝ ૭(એમ)માં જણાવવામાં આવ્યું છે કે:

"૭. સદરહુ જમીનમાલિક અને ડેવલોપર અહીં કરાર–સમજૂતિ કરે છે કે જે અમલી થતાં:

XXX XXX XXX

એમ. આ કરારના અસ્તિત્વમાં હોવાના કોઇપણ તબક્કે, જો આ કરારમાંના ડેવલોપર, આ સમજૂતી–કરારની કોઇપણ શરતનો ભંગ કે વિક્ષેપ કર્યા સિવાય, આ સમજૂતી–કરાર હેઠળનાં તેમનાં અધિકારો કોઇ અન્ય વ્યક્તિ, પેઢી કે પક્ષકારને સોંપે કે પ્રતિનિધિત્વ કરે અથવા આ સમજૂતી–કરારને આગળ ધપાવવાં કુલમુખત્યારનામું કે લેખ કરે, તો જમીનમાલિકે વાંધો લેવાનો રહેશે નહિ."

ii. આ સમજૂતી–કરારમાં લવાદનો ક્લોઝ નહોતો. ક્લોઝ ૭(એમ)ના પગલે, તા.૨૦/૦૫/૨૦૦૬ના રોજ સામાવાળા નં. ૨ – આશ્રય અને સામાવાળા નં.૧ – રીજન્સી મહાવીર પ્રોપર્ટીઝ નામે ભાગીદારી પેઢી [હવે પછી અત્રે 'રીજન્સી' તરીકે ઉલ્લેખિત] વચ્ચે સમજૂતી–કરાર કરવામાં આવ્યો, જેમાં આશ્રયે તારીખ ૨૨/૦૭/૨૦૦૪ના રોજના સમજૂતી–કરારની અમલવારી રીજન્સીને સોંપી. ઉપરોક્ત સમજૂતી–કરારમાં લવાદનો ક્લોઝ હતો, જે નીચે મુજબ છે:

"૧૪. ઉપરોક્ત સમજૂતી–કરારના અસ્તિત્વ દરમ્યાન કે ત્યાબાદ, જો હાલના પક્ષકારો અને બંનેમાંથી કોઇના પણ વારસદારો, એક્ઝીક્યુટર્સ કે વહીવટકર્તાઓ કે પક્ષકારોના સંબંદિત વારસદારો, એક્ઝિક્યુટર્સ કે વહીવટકર્તાઓ મધ્યે આ લેખમાં સમાવિષ્ટ કોઇપણ અનુચ્છેદના માળખાંના સંદર્ભમાં કે તેના અનુસરણમાં કરવામાં આવેલી કોઇપણ બાબત અથવા ....(અવાચ્ય) ઉક્ત સમજૂતી–કરારથી સંબંધિત કોઇપણ બાબતમાં જો કોઇપણ મતભેદ હોય, તો રેફરન્સમાં ઉતરતાં પહેલાં, જો પક્ષકારો સંમત થતાં હોય તો એક લવાદ અન્યથા બંને પક્ષકાર દ્વારા એક–એક લવાદ અને તે લવાદો દ્વારા પસંદ કરાયેલ એક એમ્પાયર નિયુક્ત કરવાના રહેશે અને આવો દરેક રેફરન્સ ધી આર્બિટ્રેશન એન્ડ કોન્સિલીએશન એક્ટ, ૧૯૯૬ કે જે તે સમયે અમલી અન્ય કોઇપણ કાનૂની સુધારા કે પુનઃલાગૂ કરવામાં આવેલ કાયદા અનુસાર અને તેની જોગવાઇઓને આધીન 'લવાદ' ગણાશે."

iii. ત્યારબાદ, આશ્રયથી રીજન્સીની સોંપણીની ફેર–પુષ્ટિ કરતો તારીખ ૧૩/૦૭/૨૦૦૬ના રોજનો પુષ્ટિખત (ડીડ ઓફ કન્ફર્મેશન) કરવામાં આવ્યો, જેમાં જણાવવામાં આવ્યું હતું કે, સદરહુ ખત તારીખ ૨૦/૦૫/૨૦૦૬ના રોજ કરવામાં આવેલ સમજૂતી–કરારનો ભાગ ગણાશે. ડેક્કનના જણાવ્યાનુસાર, કોઈક શ્રી અતુલ ચોરડિયા, હાલના સામાવાળા નં.૩ (ડેક્કન દ્વારા દાખલ કરવામાં આવેલ દીવાની દાવામાં સામાવાળા નં.૩) દ્વારા છેતરપિંડી આચરવામાં આવી હતી, જે સબબ તારીખ ૧૩/૦૭/૨૦૧૦ના રોજ દાખલ કરવામાં આવેલ ખાસ દીવાની મુકદમા નં. ૧૪૦૦/૨૦૧૦માં નીચે મુજબ વાદ લેવામાં આવ્યો હતો:

"૬. વર્ષ ૨૦૦૬ કે તેની આસપાસના ગાળામાં પ્રતિવાદી નં.૩એ વાદી કંપનીના ડિરેક્ટર્સનો સંપર્ક કર્યો હતો અને રજૂઆત કરી હતી કે, બહુવિધ કારણોસર તેઓ રીજેન્સી મહાવીર પ્રોપર્ટીઝ નામની ભાગીદારી પેઢી મારફત આ મિલકતનો વિકાસ કરવા માંગે છે. વધુ માં, પ્રતિવાદી નં.૩ એ વાદી કંપનીને ખાતરી આપી હતી કે, તે ઉપરોક્ત મેસર્સ રીજેન્સી મહાવીર પ્રોપર્ટીઝ એટલે કે પ્રતિવાદી નં.૧માં અગ્રણી ભાગીદાર તરીકે રહેશે અને ઉક્ત મિલકતનો વિકાસ શક્ય તેટલી વહેલી તકે હાથ ધરવામાં આવશે. શ્રી અતુલ ચોરડિયા દ્વારા આપવામાં આવેલી ખાતરીના જોરે તથા તેના પર આધાર રાખી, વાદી કંપનીના ડિરેક્ટર્સે પ્રતિવાદી નં.૧ અને પ્રતિવાદી નં.૨ વચ્ચે થનાર સોંપણી બાબતના ઔપચારિક કરારમાં સંમતિ આપનાર પક્ષ તરીકે જોડાવા સંમત થયા હતા. એ નોંધનીય છે કે, પ્રતિવાદી નં.૩ એ પ્રતિવાદી નં.૧ માં અધિકૃત

ભાગીદાર હોવાના આધારે આ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. વાદી કંપનીના ડિરેક્ટર્સ એવી શુધબુદ્ધિપૂર્વકની માન્યતા હેઠળ હતા કે સોંપણીનો ઉપરોક્ત કરાર ઔપચારિક હતો અને પ્રતિવાદી નં.૩ ઉપરોક્ત મિલકતના ડેવલપમેન્ટ માટે જવાબદાર રહેશે. હવે વાદી કંપનીના ડિરેક્ટર્સને ખ્યાલ આવ્યો છે કે પ્રતિવાદી નં. ૩ના ઈરાદા અલગ હતા."

XXX XXX XXX

"૮. તાજેતરમાં, વાદી કંપનીના ડિરેક્ટર્સે પ્રતિવાદી નં.૧ પેઢીના એક ભાગીદાર એવાં શ્રી દીલીપ જૈનનો સંપર્ક કર્યો. વાદી કંપનીના ડિરેક્ટર્સે શ્રી જૈનને બાંધકામની પ્રગતિમાં વિલંબ વિશે પૂછપરછ કરી અને તેમને જાણ કરી કે તેઓ સદરહુ સોદા સબબ પ્રતિવાદી નં.૩ ને જવાબદાર ઠેરવશે. શ્રી જૈને વાદી કંપનીના ડિરેક્ટર્સને એવું જણાવી આઘાત અને આશ્ચર્યમાં મૂકી દીધાં કે, શ્રી ચોરડિયાએ છેક વર્ષ ૨૦૦૬માં ડેવલપમેન્ટના અધિકારોની સોંપણી કરી દીધેલ હોઇ, હવે તેઓ સદરહુ મિલ્કતના ડેવલપમેન્ટ બાબત જવાબદાર નથી. આ આઘાતથી હતપ્રત વાદી કંપનીના ડિરેક્ટર્સે પ્રતિવાદી નં.૩ નો સંપર્ક કર્યો અને તેમની સાથે ઉપરોક્ત સ્થિતિ વિશે પૃચ્છા કરી. પ્રતિવાદી નં.૩ એ કોઈ પણ ખુલાસો આપવાનું ટાળ્યું. વાદી કંપનીના ડિરેક્ટર્સે રજિસ્ટ્રાર ઓફ ફર્મ્સની કચેરીમાં તપાસ કરી, જેમાં સૌપ્રથમ તેમની જાણમાં આવ્યું કે, પ્રતિવાદી નં.૩ એ તારીખ ૩૦/૦૫/૨૦૦૬ થી પ્રતિવાદી નં.૧ ના કામકાજમાંથી નિવૃત્તિ લઇ લીધી છે. એ નોંધનીય છે કે, પ્રતિવાદી નં.૩ એ પોતાને પ્રતિવાદી નં.૧ ના અધિકૃત ભાગીદાર તરીકે રજૂ કરી દાવાવાળી મિલ્કતના ડેવલોપમેન્ટ સબબ પ્રતિવાદી નં.૧ અને ૨ વચ્ચે તારીખ ૨૦/૦૫/૨૦૦૬ના રોજ કરવામાં આવેલ સમજૂતી–

કરારની શરતોની પુષ્ટિ કરતાં તારીખ ૧૩/૦૭/૨૦૦૬ ના રોજના પુષ્ટિ–ખત પર સહી કરી છે.

૯. અગાઉ જણાવ્યા મુજબ, વાદી કંપનીના ડિરેક્ટર્સે આ મિલ્કત સંદર્ભમાં ડેવલોપમેન્ટ હક્કો પ્રતિવાદી નં.૨ને માત્ર એ કારણે મંજૂર કર્યા હતા કે પ્રતિવાદી નં.૩ તેનાં અગ્રણી ડિરેક્ટર હતા. વાદી કંપની પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં પ્રતિવાદી નં.૨ એ કરેલાં તારીખ ૨૦/૦૫/૨૦૦૬ના સોંપણી કરાર અને તારીખ ૧૩/૦૭/૨૦૦૬ના પુષ્ટી–ખતમાં એવી સમજણ સાથે જોડાઇ હતી કે, પ્રતિવાદી નં.૩ તેમાં ભાગીદાર હતા. આથી, વાદી કંપનીના ડિરેક્ટર્સ જણાવે છે કે, પ્રતિવાદી નં.૧ એ પ્રતિવાદી નં.૨ના મેળાપીપણાંમાં અને વજૂદપૂર્ણ હકીકતોને સક્રિયપણે છૂપાવી, વાદી કંપનીને ખોટી રજૂઆત કરી, વાદી કંપની સાથે છેતરપિંડી કરીને સોંપણી–કરાર અને પુષ્ટિ–ખત પર વાદી કંપનીની સંમતિ મેળવી છે. આથી, વાદી કંપનીના ડિરેક્ટર્સ જણાવે છે કે, સોંપણી–કરાર અને પુષ્ટિ–ખત છેતરપિંડીથી મલિન હોઇ, તે શરૂઆતથી જ અમાન્ય છે અને વાદી કંપની માટે બંધનકર્તા નથી. વાદી કંપનીને તાજેતરમાં ઉપરોક્ત છેતરપિંડીની જાણ થઈ હોવાથી, તેમણે પ્રતિવાદીને જાણ કરવાનું નક્કી કર્યું છે કે, ઉક્ત મિલકતના સંદર્ભમાં કરવામાં આવેલ તારીખ ૨૦/૦૫/૨૦૦૬ના રોજનો સમજૂતી–કરાર અને તારીખ ૧૩/૦૭/૨૦૦૬ના રોજનો પુષ્ટિ–ખત તેમને બંધનકર્તા નથી અને આથી, પ્રતિવાદી નં.૧ને ઉક્ત મિલ્કત પર આગળનું ડેવલોપમેન્ટ કામ કરવાનો કોઇ કાનૂની અધિકાર નથી.

૧૦. વાદી કંપનીના ડિરેક્ટર્સને વિશ્વાસપાત્ર સ્રોતોમાંથી જાણવા મળ્યું છે કે, પ્રતિવાદી નં.૧નો આ મિલકત પર આગળનું ડેવલોપમેન્ટ

કરવાનો કોઈ ઈરાદો નથી અને તેથી, પ્રતિવાદી નં.૧ ફરીથી પ્રતિવાદી નં.૩ સાથે મેળાપીપણાંમાં આ મિલકતના સંદર્ભમાં ડેવલોપમેન્ટના અધિકારો ત્રાહિત વ્યક્તિને હસ્તાંતરિત કરવા/ સોંપવા માટે વાટાઘાટો કરી રહ્યા છે. તારીખ ૨૦/૦૫/૨૦૦૬ના રોજનો સોંપણી–કરાર અને તારીખ ૧૩/૦૭/૨૦૦૬ના રોજનો પુષ્ટિ–ખત ગેરકાયદેસર અને રદબાતલ હોઇ, પ્રતિવાદી નં.૧ ને દાવાની મિલકત સબબ વ્યવહાર કરવાનો કોઈ અધિકાર નથી. આવી સ્થિતિ હોવા છતાં, જો પ્રતિવાદી નં.૧ આવા અધિકારો હસ્તાંતરિત કરવાનો પ્રયાસ કરે છે, તો તે ગેરકાયદેસર રહેશે અને કોઈ પણ સંજોગોમાં વાદી કંપની પર બંધનકર્તા રહેશે નહીં."

આચરવામાં આવેલી છેતરપિંડીના પરિણામે, આગળ જણાવવામાં આવ્યું હતું કે:

"૧૨. આ દાવાનું કારણ સૌપ્રથમ જ્યારે પ્રતિવાદી નં.૧ એ દાવાવાળી મિલ્કતના ડેવલોપમેન્ટ સબબ સમજૂતી–કરાર મેળવ્યો ત્યારે, તારીખ ૨૨/૦૭/૨૦૦૪ના રોજ કે તેની આસપાસના ગાળામાં ઉદ્ભવ્યો. ત્યારબાદ, જ્યારે પ્રતિવાદી નં.૧ અને ૨ એ તારીખ ૨૦/૦૫/૨૦૦૬ના રોજનો સોંપણી–કરાર અને તારીખ ૧૭/૦૭/૨૦૦૬ના રોજનો પુષ્ટિ–ખત કર્યો, ત્યારે ઉદ્ભવ્યો. ત્યારબાદ એપ્રિલ/મે ૨૦૧૦માં ઉદભવ્યો, જ્યારે સૌપ્રથમ વાદીની જાણમાં આવ્યું કે પ્રતિવાદી નં.૩ એ પ્રતિવાદી નં.૧માં હવે ભાગીદાર નથી અને પ્રતિવાદીઓએ વાદી સાથે છેતરપિંડી આચરી છે. જ્યારે પ્રતિવાદીઓ તારીખ ૧૦/૦૭/૨૦૧૦ના રોજની

નોટીસમાં કરવામાં આવેલી માંગણીઓની પૂરી કરવામાં નિષ્ફળ ગયા, ત્યારે પણ દાવાનો વાદ–હેતુ ઉદ્‌ભવ્યો હતો.

૧૩. હાલનો દાવો ડીક્લેરેશન અને દાવો રદ કરવા બાબતે હોઇ, બોમ્બે કોર્ટ ફી એક્ટ, ૧૯૫૯ની કલમ ૬(૪)(એચ–એ) ની જોગવાઈઓ મુજબ તેનું યોગ્ય મૂલ્યાંકન કરી, મહત્તમ કોર્ટ ફી પેટે રૂ. ૩,૦૦,૦૦૦/– ચૂકવવામાં આવ્યા છે.

૧૪. આ દાવાવાળી મિલ્કત પૂણેમાં સ્થિત છે. હાલના દાવાનો વાદ–હેતુ પૂણેમાં ઉદ્‌ભવ્યો હોઇ, આ દાવા સબબ કામ ચલાવવાની તેમજ ફેંસલ કરવાની હુકુમત આ અદાલતને મળેલી છે.

૧૫. આથી અરજ કરવામાં આવે છે કેઃ

એ. એવું જાહેર કરવામાં આવે કે, તારીખ ૨૨/૦૭/૨૦૦૪ના રોજનો સમજૂતી–કરાર, તારીખ ૨૨/૦૫/૨૦૦૬ના રોજનો સોંપણી–કરાર અને તારીખ ૧૩/૦૭/૨૦૦૬ના રોજનો પુષ્ટિ–ખત છેતરપિંડીપૂર્વક કરવામાં આવ્યા હોઇ, તે શરૂઆતથી જ અમાન્ય છે અને વાદી માટે બંધનકર્તા નથી.

બી. એવું જાહેર કરવામાં આવે કે તારીખ ૨૨/૦૭/૨૦૦૪ના રોજનો સમજૂતી–કરાર અને તારીખ ૨૦/૦૫/૨૦૦૬નો સોંપણી–કરાર અને તારીખ ૧૩/૦૭/૨૦૦૬ના રોજનો પુષ્ટિ–ખત ગેરકાયદેસરના છે.

સી. પ્રતિવાદીઓને ફરજીયાત મનાઈહુકમ દ્વારા તારીખ ૨૨/૦૭/૨૦૦૪ના રોજનો સમજૂતી–કરાર અને તારીખ ૨૦/૦૫/૨૦૦૬નો સોંપણી–કરાર અને તારીખ ૧૩/૦૭/૨૦૦૬ના રોજનો પુષ્ટિ–ખત રદબાતલ કરતો સમજૂતી–કરાર કરી આપવા અને તેની નોંધણી કરાવવાનો નિર્દેશ આપવામાં આવે.

ડી. પ્રતિવાદીઓને કાયમી હુકમથી, પ્રત્યક્ષ રીતે કે તેમના વતી દાવો કરતી વ્યક્તિ દ્વારા, અથવા કોઇ ત્રાહિત પક્ષકારનું હિત ઊભું કરવા કે અન્ય કોઇપણ રીતે વ્યવહાર કરવા, ઉક્ત મિલકતમાં આગળનું કોઇપણ વિકાસ કામ હાથ ધરવા કે તેમાં પ્રવેશ કરવા કે તેમાં જળવાયેલાં રહેવાથી નિષેધ ફરમાવવામાં આવે.

ઇ. ઉપરોક્ત ક્લોઝ સી સબબનો વચગાળાનો હુકમ પસાર કરવામાં આવે.

એફ. વાદીને પ્રતિવાદીઓ પાસેથી દાવાનો ખર્ચ અપવવામાં આવે.

જી. ન્યાયના હિતમાં અન્ય કોઇપણ ન્યાયી અને ન્યાયોચિત હુકમો પસાર કરવા મહેરબાની કરવામાં આવે."

એ નોંધવું અગત્યનું છે કે, પ્રતિવાદી નં. 3 એ ઉપરોક્ત દાવામાં કોઈ લેખિત નિવેદન દાખલ કર્યું નથી.

iv. તે પછી લગભગ તરત જ, રીજન્સી વતી આર્બિટ્રેશન એન્ડ કન્સીલીએશન એક્ટ, ૧૯૯૬ [હવે પછી અત્રે "૧૯૯૬નો અધિનિયમ" તરીકે ઉલ્લેખિત]ની કલમ ૮ હેઠળની તારીખ ૧૯/૦૭/૨૦૧૦ના રોજની અરજીથી તારીખ ૨૦/૦૫/૨૦૦૬ના રોજના સમજૂતી-કરારમાં આર્બિટ્રેશન ક્લોઝનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને પૂણેના સિવિલ જજ (સિનિયર ડિવિઝન)ને પક્ષકારોને આર્બિટ્રેશન માટે સંદર્ભિત કરવા

માટે જણાવવામાં આવ્યું હતું. વાદી ડેક્કન વતી ઉપરોક્ત અરજીના જવાબમાં જણાવવામાં આવ્યું હતું કેઃ

"૨. આ જવાબના હેતુ સબબ અરજીના ફકરા નં.૧માં તારીખ ૨૦/૦૫/૨૦૦૬ના રોજના કરારનો જે ક્લોઝ–૧૪ રજૂ કરવામાં આવ્યો છે, તે રેકોર્ડની બાબત હોઇ, તેમાં કોઇ વિવાદ નથી. વાદી યોગ્ય સમયે ઉપરોક્ત ક્લોઝની ખરી અસર અને અર્થઘટન બાબતે ખુલાસો કરશે તેમજ તેનો આધાર લેશે. એ નોંધનીય છે કે, પ્રતિવાદી નં.૧ અને ૨ એ તેમના બચાવના ગુણદોષ અંગે કોઈ ટિપ્પણી કરવાનું ટાળ્યું છે.

૩. એવી રજૂઆત કરવામાં આવે છે કે, આર્બિટ્રેશન એન્ડ કન્સીલીએશન એક્ટ, ૧૯૯૬ ની કલમ ૮ હેઠળની અરજી પર વિચારણા કરતી વખતે, અદાલતે એ મુદ્દા પર વિચાર કરવો રહ્યો કે, શું પક્ષકારો વચ્ચે કોઈ લવાદ–કરાર અસ્તિત્વમાં છે કે કેમ. આવો અધિકાર ચોક્કસપણે દીવાની અદાલતમાં નિહિત છે. વાદી તારીખ ૨૦/૦૫/૨૦૦૬ના રોજના કરારની કાયદેસરતાને તે આધાર પર પડકારી રહ્યા છે કે, ઉક્ત કરાર છેતરપિંડીપૂર્વક કરવામાં આવ્યો છે અને તેથી તેને 'મૂળથી રદબાતલ' જાહેર કરવાની માંગણી કરવામાં આવી છે. જેથી, ઉપરોક્ત કરારમાં સમાવિષ્ટ આર્બિટ્રેશન ક્લોઝ પણ અમલવારીપાત્ર નથી. દાવા અરજીમાં વર્ણવેલાં વિશેષ સંજોગોની દ્રષ્ટિએ, તે હકીકત છે કે, ઉક્ત અધિનિયમની કલમ–૧૬ લવાદ પંચ (આર્બિટ્રેશન ટ્રિબ્યુનલ)ને પોતાની હુકુમત નિર્ધારિત કરવાની સત્તા આપે છે, છતાં, હાલની અરજી રદ થવાને પાત્ર છે."

v. તારીખ ૧૯/૦૭/૨૦૧૧ના રોજના ચુકાદા અન્વયે, એડિશનલ જજ, સ્મોલ કોઝ કોર્ટ, પૂણેએ બંને પક્ષોને સાંભળ્યા પછી, નીચે મુજબ ઠેરવ્યું:

"૧૧. ઉપરોક્ત ઉલ્લેખિત કેસોને ધ્યાને લેતાં, તે દર્શાવે છે કે જ્યારે લવાદનો કલોઝ હોય ત્યારે, દીવાની અદાલતે કરાર મુજબ વાદ અને પક્ષકારોને આર્બિટ્રેશનમાં મોકલવા ફરજિયાત છે. હાલના કેસમાં વાદીઓ એવી દલીલ કરે છે કે, પ્રતિવાદી નં.૩ દ્વારા છેતરપિંડી કરવામાં આવી છે, પરંતુ વાદીએ તેની દાવા–અરજીમાં જે આરોપ મૂક્યો છે તેમ, પ્રતિવાદી નં.૩ પર ભરોસો રાખ્યા બાબત સમજૂતી–કરારમાં કોઇ સામગ્રી નથી. તેમાં તારીખ ૨૦/૦૫/૨૦૦૬ના રોજનો કરાર પ્રતિવાદી નં.૩ એ પણ સહી કર્યો હોવાનું દર્શાવ્યું છે અને ઉક્ત કરારમાં તે પક્ષકાર પણ હતા. વાદીએ પ્રતિવાદી નં.૩ એ પ્રતિવાદી નં.૧ વાળી ભાગીદારી પેઢીમાંથી રાજીનામું આપ્યા પછી સમજૂતી–કરાર અને તારીખ ૧૩/૦૭/૨૦૦૬ના રોજનો પુષ્ટિખત સહી કરી છેતરપિંડી કર્યાનો આરોપ મૂક્યો હતો, પરંતુ ભાગીદારી અધિનિયમમાં તે સબબના ઉપચારની જોગવાઇ કરવામાં આવી છે. વધુમાં, દસ્તાવેજો દર્શાવે છે કે, તારીખ ૧૩/૦૭/૨૦૦૭ના રોજનો પુષ્ટિ–ખત પ્રતિવાદી નં.૩ એ મેસર્સ રીજેન્સી મહાવીર પ્રોપર્ટીઝના અધિકૃત ભાગીદારની રૂઇએ અને અન્ય એક ભાગીદાર દિલીપ જૈને સહી કર્યો હતો. વાદીએ જે છેતરપિંડીનો આરોપ લગાવ્યો છે, તે દસ્તાવેજોના સંદર્ભમાં છે, જેના ઉપાય સબબ જોગવાઇઓ છે. આર્બિટ્રેશન કલોઝને ધ્યાને લીધા પછી, મને જણાય છે કે, અરજીને મંજૂરી આપવી રહી અને વિવાદોને લવાદમાં મોકલવા રહ્યા. તેથી, હું નીચે મુજબનો હુકમ પસાર કરું છું:

૧) અરજી મંજૂર કરવામાં આવે છે.

૨) વાદીને તારીખ ૨૦/૦૫/૨૦૦૬ના રોજના કરારમાં ઉલ્લેખિત આર્બિટ્રેશન ક્લોઝ ૧૪ મુજબની લવાદ પ્રક્રિયાનો અમલ કરી વિવાદનું નિરાકરણ લાવવાનો નિર્દેશ આપવામાં આવે છે."

આ મુજબના તારણો સહ, વિદ્વાન ન્યાયાધીશે પક્ષકારોને લવાદમાં મોકલી આપ્યા.

vi. ત્યારબાદ, ડેક્કને બોમ્બે હાઈકોર્ટ સમક્ષ દાખલ કરેલી રીટ પીટીશન તારીખ ૧૮/૦૩/૨૦૧૫ના રોજના વાદગ્રસ્ત ચુકાદા અન્વયે ફેંસલ થઈ, જેમાં ઠેરવવામાં આવ્યું હતું કે, **એન. રાધાકિષ્નન વિ. માએસ્ટ્રો એન્જીનિયર્સ, (૨૦૧૦) ૧ એસ.સી.સી. ૭૨** [હવે પછી અત્રે **"એન. રાધાકિષ્નન"** તરીકે ઉલ્લેખિત] ચુકાદામાં કાયદા અને તથ્યોની પૂરતી કાળજી લેવામાં આવી ન હોવાથી તેનું અનુસરણ અશક્ય હોવાનું ઠેરવતાં સિંગલ જજના **સ્વિસ ટાઈમિંગ લિ. વિ. કોમનવેલ્થ ગેમ્સ ૨૦૧૦ ઓર્ગેનાઇઝિંગ કમિટી, (૨૦૧૪) ૬ એસ.સી.સી. ૬૭૭** [હવે પછી અત્રે **"સ્વિસ ટાઈમિંગ"** તરીકે ઉલ્લેખિત] ચુકાદાને અનુસરતાં, "છેતરપિંડીનો અપવાદ" સ્વીકારવામાં આવ્યો નહોતો. ત્યારબાદ એવું ઠેરવવામાં આવ્યું હતું કે, **એવિટેલ પોસ્ટ સ્ટુડિયોઝ લિમિટેડ અને અન્યો વિ.**

**એચ.એસ.બી.સી. પી.આઈ. હોલ્ડિંગ (મોરેશિયસ) લિ., અપીલ નં. ૧૯૬/૨૦૧૪ ઈન આર્બિટ્રેશન પીટીશન નં. ૧૦૬૨/૨૦૧૨** (જે ચુકાદો દીવાની અપીલ નં. પ૧૪૫ અને પ૧પ૮/૨૦૧૮ અન્વયે પડકારવામાં આવ્યો છે) તેમાં ડિવિઝન બેન્ચના ચુકાદા અને **સતીષ સૂદ વિ. ગુજરાત ટેલીલિંક્સ પ્રા. લિ., ૨૦૧૪ (૧) એ.આઇ.આર. બોમ્બે આર ૨૭ [હવે પછી અત્રે "સતીષ સૂદ" તરીકે ઉલ્લેખિત]**ના અન્ય એક ચુકાદા વચ્ચે કોઇ વિરોધાભાસ નથી. કોર્ટને લાગ્યું કે **સતીશ સૂદ** (સુપ્રા)ના કેસમાં ડિવિઝન બેન્ચનો ચુકાદો **સ્વિસ ટાઈમિંગ** (સુપ્રા)માં સર્વોચ્ચ ન્યાયાલયના વિદ્વાન સિંગલ જજે આપેલાં ચુકાદા પહેલાં આપવામાં આવેલ હોઇ, તેનું અનુસરણ શક્ય રહેશે નહિ. આમ હોવાથી, રિટ પિટિશન ફગાવવામાં આવી હતી, જેને પગલે પક્ષકારોને આર્બિટ્રેશનમાં મોકલવામાં આવ્યા હતા.

૨. અપીલકર્તા વતી હાજર વિદ્વાન વકીલ સુશ્રી મીના દોશી રેકોર્ડનો હવાલો આપતાં, **એન. રાધાકૃષ્ણન** (સુપ્રા) ના આધારે દલીલ કરે છે કે, જ્યારે છેતરપિંડીના ગંભીર આક્ષેપોની વાત આવે છે, ત્યારે લવાદની હુકુમત દૂર થઈ જાય છે અને ખાસ દીવાની દાવામાં પ્રતિપાદન વંચાણે લેતાં, તે સ્પષ્ટ છે કે, હાલના કેસમાં છેતરપિંડીના ગંભીર આક્ષેપો લગાવવામાં આવેલ હોઇ, વિવાદ બિન–લવાદપાત્ર છે. ત્યારબાદ તેણીએ આર્બિટ્રેશન

એન્ડ કન્સીલીએશન (એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૫ [હવે પછી અત્રે **"૨૦૧૫નો સુધારા અધિનિયમ"** તરીકે ઉલ્લેખિત]થી સુધારવામાં આવેલ ૧૯૯૬ના અધિનિયમની કલમ ૮નો ઉલ્લેખ કરી દલીલ કરી હતી કે, જિલ્લા ન્યાયાધીશ તેમજ ઉચ્ચ ન્યાયાલય – બંનેએ સુધારેલી કલમ ૮ની જરૂરી બાબતો પર ધ્યાન આપ્યું નથી, અને એટલાં કારણ માત્રથી પણ ઉપરોક્ત ચુકાદાઓ સબળ નથી. **એસ.બી.પી. એન્ડ કું. વિ. પટેલ એન્જી. લિ., (૨૦૦૫) ૮ એસ.સી.સી. ૬૧૮**માં સાત ન્યાયાધીશોની ખંડપીઠના ચુકાદાનો આધાર લેતાં, તેણીએ દલીલ કરી કે, કલમ ૮ને સાચી રીતે લાગૂ પાડવી એ શબ્દાવલિઓનો યંત્રવત પ્રયોગ માત્ર નથી, અદાલતે પોતાની શુધબુદ્ધિનો ઉપયોગ કરી તેનો ક્યાસ કરવો રહ્યો કે કોઇ લવાદ–કરાર અસ્તિત્વ ધરાવે છે કે કેમ, જેમાં વિષય–વસ્તુ આખરે લવાદપાત્ર છે કે કેમ, તેનો પણ સમાવેશ થાય છે. તેણીએ એવી પણ દલીલ કરી હતી કે, ડેક્કન અને આશ્રય વચ્ચેના મૂળ કરારમાં લવાદ–ક્લોઝ સમાવિષ્ટ કરવામાં આવ્યો નહોતો અને હાલનો દાવો તે કરારને પણ રદ કરવાનો હોઇ, વિવાદ અલગ–અલગ ટુકડાઓમાં નિર્ણિત થઇ શકતો નથી, અને આથી, આ આધારે પણ વિવાદ લવાદમાં મોકલવો જોઇએ નહિ. ત્યારબાદ, તેણીએ સ્પેશિફીક રીલીફ એક્ટ, ૧૯૬૩ની કલમ–૩૧ પર વિશેષ આધાર લઇ જણાવ્યું કે, દાવા–અરજી અને માંગવામાં આવેલ દાદ દર્શાવે છે કે, સદરહુ દાવો 'ત્રણ લેખિત ખતો'ને રદ

કરવા સબબનો છે. આવું હોવાથી, અને કલમ ૩૧ હેઠળની કાર્યવાહી જાહેર કાર્યવાહી (પ્રોસીજર ઇન રેમ) હોઇ, તે **બૂઝ એલન એન્ડ હેમિલ્ટન ઇન્ક. વિ. એસ.બી.આઈ. હોમ ફાઇનાન્સ લિમિટેડ, (૨૦૧૧) ૫ એસ.સી.સી. ૫૩૨** [હવે પછી અહીં **"બૂઝ એલન"** તરીકે ઉલ્લેખિત]માં જણાવેલ અપવાદોમાંનો એક અપવાદ ગણાશે. આ હેતુ માટે, તેણીએ **એલિયન્સ ડેવલપર્સ પ્રા. લિ. વિ. એમ.જનાર્દન રેડ્ડી, (૨૦૧૬) ૧ એ.એઇ.ટી. ૧૯૪ (ડી.બી.)** [હવે પછી અહીં **"એલિયન્સ ડેવલપર્સ"** તરીકે ઉલ્લેખિત] માં હૈદરાબાદ સ્થિત તેલંગાણા અને આંધ્રપ્રદેશ વડી અદાલતના ચુકાદા પર વિશેષ આધાર લીધો. આમ, આ તમામ આધારો પર, બોમ્બે હાઈકોર્ટનો વાદગ્રસ્ત ચુકાદો રદ કરવો રહ્યો અને ટૂંકી સમયમર્યાદામાં નિકાલ થાય તેમ સદરહુ દાવાને સુનાવણી પર લેવો રહ્યો.

૩. પ્રતિવાદી નં.૧ વતી હાજર વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી વિનય નવરેએ "છેતરપિંડીના અપવાદ" પરના કેસ–લૉનો સંદર્ભ કર્યો અને જણાવ્યું કે, **રાશિદ રઝા વિરુદ્ધ સદફ અખ્તર, (૨૦૧૯) ૮ એસ.સી.સી. ૭૧૦** (ફકરો ૪ જુઓ) ના ચુકાદા પછી, આ અપવાદ ત્યારે જ લાગુ થશે જ્યારે તેવું કહી શકાય કે સ્વયં કરાર ક્યારેય અમલમાં મૂકવામાં આવ્યો ન હોવાથી, તે કિસ્સામાં આર્બિટ્રેશન ક્લોઝ પણ સ્વયં જ પડી ભાંગે છે. પરંતુ, તે અન્યથા લાગૂ પડે નહીં. ઉપરાંત, હાલની કાર્યવાહીમાં કોઈ

જાહેર અનિચ્છ અસરો ન હોઇ, અને ખાસ કરીને, ફોજદારી પ્રકૃતિની કોઈ અસરો ન હોઇ, આ કેસમાં "છેતરપિંડીના અપવાદ" લાગુ કરવા માટેની એકપણ પૂર્વવર્તી શરત હાજર નથી, જેથી સ્પષ્ટ છે કે, નીચેની અદાલતોના ચુકાદાઓ કાયદા મુજબ સાચા હતા. શ્રી નવરેએ જણાવ્યું કે, જ્યારે સ્પેશિફિક રીલીફ એક્ટની કલમ ૩૧ની વાત આવે છે, આ કલમનું સાચું વાંચન દર્શાવે છે કે, અદાલતનું હુકુમતક્ષેત્ર, વિવેકાધીન હોઇ અને લેખિત ખતને રદબાતલ કરાવવામાં હિત ધરાવતાં પક્ષકારના લાભાર્થે, કાર્યવાહીને વ્યક્તિલક્ષી (ઇન પર્સોનમ એન્ડ નોટ ઇન રેમ) માનવી રહી. તેમના જણાવ્યા અનુસાર, **એલિયન્સ ડેવલપર્સ** (સુપ્રા)નો ચુકાદો કાયદાને યોગ્ય રીતે પ્રસ્થાપિત કરતો નથી અને અમારે તેના ઉપરવટ થવું જોઈએ. તારીખ ૨૨/૦૭/૨૦૦૪ના રોજના કરારમાં લવાદનો ક્લોઝ નહોતો અને દીવાની દાવામાં તેને પણ રદ કરવાની માંગ કરવામાં આવી છે, તેવી દલીલના જવાબમાં તેમણે દલીલ કરી કે, દાવાને છદ્મરૂપ આપવા માત્ર થઈને આ ક્લોઝ અરજમાં ઉમેરવામાં આવ્યું હતું કે જેથી સદરહુ દીવાની દાવાને લવાદની બહાર લઇ જઇ શકાય. જો દાવાના માળખાં પર નજર કરવામાં આવે, તો તે સ્પષ્ટ છે કે, જે ખતો વાદગ્રસ્ત હોવાની માંગ કરવામાં આવી છે, તે પાછળના બે કરારો છે, જ્યારે કે પહેલો ખત દાવાના ઇતિહાસ મહત્વ ધરાવે છે. આવો કેસ હોઇ, તે સ્પષ્ટ છે કે સદરહુ વિવાદ લવાદપાત્ર છે. વધુમાં, ૧૯૯૬ના અધિનિયમની કલમ

૮માં થયેલ સુધારા બાદ, તેમાં માત્ર એટલું જોવાનું છે કે, પ્રથમ દર્શનીયપણે, માન્ય લવાદ–કરાર અસ્તિત્વમાં છે કે કેમ. શ્રી નવરેના જણાવ્યા મુજબ, કલમ ૮ મુજબની અરજીના જવાબમાં દાખલ કરવામાં આવેલા સોગંદનામામાં સ્વીકારવામાં આવ્યું હતું કે, પક્ષકારો મધ્યે કરાર હતો, પરંતુ, આચરવામાં આવેલ છેતરપિંડીએ તેને દૂષિત કરી રદ કરવાપાત્ર બનાવી દીધો હતો.

૪. અમે **એવિટેલ પોસ્ટ સ્ટુડિયોઝ લિમિટેડ એન્ડ અન્યો વી. એચ.એસ.બી.સી. પી.આઈ. હોલ્ડિંગ (મૉરેશિયસ) લિમિટેડ, સિવિલ અપીલ નં. ૫૧૪૫/૨૦૧૬**માં અમારા ચુકાદામાં થોડીક વિગતો સહિત "છેતરપિંડીના અપવાદ"નો કાયદો પ્રસ્થાપિત કર્યો છે, જેનો તર્ક અહીં સ્વીકારી, અનુસરીએ છીએ. ઉક્ત ચુકાદો દર્શાવે છે કે, **એન. રાધાકૃષ્ણન** (સુપ્રા)ના કેસ લૉ સબબ, તે સ્પષ્ટ છે કે, **એન. રાધાકૃષ્ણન** (સુપ્રા) ચુકાદો અનુસરણપાત્ર બનવા પૂરતો સબળ નથી. જો પક્ષકારો મધ્યેના કરારની વિષય–વસ્તુ ઇન્ડિયન કોન્ટ્રાક્ટ એક્ટ, ૧૮૭૨ની કલમ ૧૭ અન્વયે આવતી હોય, કે ઉપરોક્ત ચુકાદાઓમાં ઠેરવવામાં આવ્યું છે તેમ, કરારના અમલીકરણમાં જે છેતરપિંડી ગણાતું હોય તેવું દીવાની ગેરકૃત્યવાળું કપટ સામેલ હોય, તો આવાં કરારની વિષય–વસ્તુ ચોક્કસપણે લવાદપાત્ર રહે. વધુમાં, અમે એવું પણ ઠેરવ્યું છે કે, જે તે

વ્યવહારમાં ફોજદારી કૃત્યની છાંટ હોઇ શકવાના કારણ માત્રથી, તેની વિષય–વસ્તુ બીનલવાદપાત્ર બનતી નથી. અમને તેમાં કોઈ શંકા નથી કે, તા. ૨૦/૦૫/૨૦૦૬ના રોજનો સમજૂતી–કરાર અને તા. ૧૩/૦૭/૨૦૦૬ના રોજનો પુષ્ટિ–ખત કરવામાં જ આવ્યા ન હોઇ, લવાદનો કલોઝ પણ અસ્તિત્વહીન છે, તેવી કોઇપણ દલીલ ન હોવાની રજૂઆત કરવામાં શ્રી નવરે બિલકુલ સાચાં છે. વધુમાં, તે પણ એટલું જ સ્પષ્ટ છે કે, **અવિટેલ** (સુપ્રા) ચુકાદાના ફકરા ૧૪માં સ્પષ્ટ કરવામાં આવ્યું છે તે મુજબ, હાલનો દાવો એવા પક્ષકારોની વચ્ચે નથી કે જેમાં કોઈ "જાહેર હેતુ" હોય. જેના પરિણામે આ અપવાદ સ્પષ્ટપણે આ કેસની હકીકતોને લાગુ પડશે નહીં.

૫. ત્યારબાદ, સુશ્રી દોશીએ **આંધ્રપ્રદેશ રાજ્ય અને અન્ય એક વિ. ટી.સૂર્યચંદ્ર રાવ, (૨૦૦૫) ૬ એસ.સી.સી. ૧૪૯** ચુકાદો ટાંક્યો અને ચુકાદાના ફકરા ૮ થી ૧૬ નું વાંચન કરી, રજૂઆત કરી કે, કપટ શુદ્ધબુદ્ધિપૂર્વકના તમામ કૃત્યોને દૂષિત કરે છે અને મિલકત સંબંધે અન્યોને અધિકારોથી વંચિત કરવાની દૃષ્ટિએ આ કાવતરું સદર વ્યવહારને શરૂઆતથી જ રદબાતલ બનાવશે. આ કેસ લેન્ડ રિફોર્મ્સ ટ્રિબ્યુનલના હુકમમાંથી ઉદ્‌ભવ્યો હતો, જેમાં સામાવાળા વિરુદ્ધ એવું ઠેરવવામાં આવ્યું હતું કે, તેમણે તથ્યોને દબાવીને આંધ્ર પ્રદેશ લેન્ડ

રિફોર્મ્સ (ખેતીલાયક જમીનની ટોચમર્યાદા) અધિનિયમ, ૧૯૭૩ હેઠળ ટોચમર્યાદાનો છેતરપિંડીપૂર્વક લાભ લીધો હતો. આ કેસમાં, ટ્રિબ્યુનલને જ્યારે જાણવા મળ્યું કે, જે જમીન સમર્પિત કરવામાં આવી હતી તે જમીન જમીન સંપાદન અધિનિયમ, ૧૯૯૮ હેઠળની કાર્યવાહી અન્વયે પહેલેથી જ સંપાદિત કરવામાં આવી હતી, ત્યારે ટ્રિબ્યુનલે સદરહુ મામલાને ફરી ખોલ્યો હતો. પ્રશ્ન એ હતો કે શું અગાઉના હુકમમાં ફેરફાર કરી આવી જમીનને બાકાત રાખવામાં ટ્રિબ્યુનલ ન્યાયપૂર્ણ હતી કે કેમ. હકીકતના સહવર્તી તારણ દ્વારા એવું ઠેરવવામાં આવ્યું હતું કે ટ્રિબ્યુનલ હુકમને આ મુજબ બદલવા માટે સક્ષમ છે. આ જ પૃષ્ઠભૂમિમાં છેતરપિંડી અંગે સર્વસામાન્ય અવલોકનો કરવામાં આવ્યા હતા. આ કેસનો આ અદાલત સમક્ષના ચોક્કસ મુદ્દા સાથે કોઈ સંબંધ નથી.

૬. અમે ૨૦૧૫ના સુધારા અધિનિયમ પછી કલમ ૮ અંગેના તાજેતરના કેટલાંક ચુકાદાઓને ધ્યાનમાં રાખી ૧૯૯૬ના અધિનિયમની કલમ ૮ બાબતે શ્રી નવરેની દલીલને સ્વીકારવા પણ ઇચ્છુક છીએ. (જુઓ **અમિત લાલચંદ શાહ વિ. ઋષભ એન્ટરપ્રાઇઝીસ, (૨૦૧૮) 15 એસસીસી ૬૭૮ પૃ.નં. ૬૯૮–૭૦૦, માયાવતી ટ્રેડિંગ પ્રા. લિ. વિ. પ્રદ્યુત દેબ બર્મન, (૨૦૧૯) ૮ એસ.સી.સી. ૭૧૪ પૃ.નં. ૭૨૪–૭૨૫,** અને **એમ્માર એમ. જી. એફ. લેન્ડ લિ. વિ. આફતાબ સિંહ, (૨૦૧૯) ૧૨**

**એસ.સી.સી. ૭૫૧ પૃ.નં. ૭૭૯–૭૮૩**). એ જણાવવું પૂરતું છે કે, **એવિટેલ પોસ્ટ સ્ટુડિયોઝ લિમિટેડ એન્ડ અન્યો વિ. એચ.એસ.બી.સી. પી.આઈ. હોલ્ડિંગ (મોરેશિયસ) લિમિટેડ, દીવાની અપીલ નં. ૫૧૪૫/૨૦૧૬**ના ફકરા નં.૯માં ઠેરવવામાં આવ્યું છે તેમ, ૧૯૯૬ના અધિનિયમની કલમ ૮ અને આર્બિટ્રેશન એક્ટ, ૧૯૪૦ની કલમ ૨૦ વચ્ચે મોટો ફેરફાર થયો છે. સુધારા પછી તે સ્પષ્ટ છે કે, જે ન્યાયિક સત્તામંડળ સમક્ષ બાબત લાવવામાં આવી છે તેણે, જો કલમ ૮ની અન્ય શરતો પૂરી થતી હોય તો, પક્ષકારોને લવાદમાં મોકલવા રહ્યા, સિવાય કે પ્રથમ દૃષ્ટિએ કોઈ માન્ય લવાદ કરાર અસ્તિત્વમાં ન હોવાનું જણાતું હોય. અહીં ઉપર દર્શાવ્યા મુજબ, હાલના કેસમાં જે તારણ મળ્યું છે તે સાચું છે – માન્ય લવાદ–કરાર ચોક્કસપણે અસ્તિત્વમાં છે કેમ કે, જે કરારો રદ કરવાની માંગ કરવામાં આવી છે તે ક્યારેય કરવામાં નહિ આવ્યા હોવાનું જણાવવામાં આવ્યું નથી.

૭. આ આપણને યથાનિર્દિષ્ટ દાદ અધિનિયમ (સ્પેશીફીક રીલીફ એક્ટ)ની કલમ ૩૧ લાગૂ પડવા બાબતમાં શ્રીમતી જોશી વતી કરવામાં આવેલ રસપ્રદ દલીલ તેમજ **એલિયન્સ ડેવલપર્સ** (ઉપરોક્ત)માં વડી અદાલતના ચુકાદા પર તેણીએ લીધેલા આધાર પર લાવે છે. યથાનિર્દિષ્ટ દાદ અધિનિયમની કલમ ૩૧ નીચે મુજબ જણાવે છેઃ

"૩૧. રદબાતલ કરવાનો હુકમ ત્યારે કરી શકાય કે;

(૧) એવી વ્યક્તિ જેની સામેનો ખત રદબાતલ થયેલો કે રદબાતલ થવા પાત્ર હોય, અને જેને વાજબીપણે શંકા હોય કે તે ખત બાકી રાખી મૂકવાથી તેને ગંભીર હાનિ થાય તેમ છે, તો તે વ્યક્તિ તે ખતને રદબાતલ કે રદબાતલ થવા પાત્ર નિર્ણિત કરવા સબબ દાવો દાખલ કરી શકે; અને અદાલત, પોતાની વિવેકાધીન સત્તામાં, તેને આમ ફેંસલ કરી તેને પહોંચતો કરવાનો અને રદબાતલ કરવાનો હુકમ કરી શકે છે.

(૨) જો તે કત ઇન્ડિયન રજીસ્ટ્રેશન એક્ટ, ૧૯૦૮ (૧૯૦૮નો ૧૬મો અધિનિયમ) હેઠળ નોંધાયેલ હોય, તો અદાલતે જે દફતરે ખત આ રીતે નોંધાયેલ હોય તે અધિકારીને પોતાના હુકમનામાંની એક નકલ મોકલવી રહી; અને આવાં અધિકારીએ તેનાં રજીસ્ટરમાં રહેલ ખતની નકલ પર તે રદબાતલ થયું હોવાની હકીકત નોંધવાની રહેશે.

કલમ ૩૧ નો ઉલ્લેખ કરતા, **એલિયન્સ ડેવલપર્સ** (સુપ્રા) માં ઉચ્ચ અદાલત ની ડિવિઝન બેન્ચે ચુકાદો આપ્યો હતોઃ

" **૧૪**....યથા નિર્દિષ્ટ દાદ અધિનિયમની કલમ ૩૧(૨) હેઠળ, વિધાનમંડળએ અદાલતોને રદ કરવાના હુકમનામાની એક નકલ જે અધિકારીના કાર્યાલયમાં આ રીતે નોંધાયેલું હોય તેને મોકલવાની સત્તા આપી હતી અને આવા અધિકારીએ તેમના પુસ્તકોમાં સમાવિષ્ટ ખતની નકલ, તેને રદ કરવાની હકીકતની નોંધ લેવાની રહેશે. કલમ ૩૧(૨) હેઠળની જોગવાઈ પરથી સ્પષ્ટ થાય છે કે, નોંધણીની અસરને રદ કરવાની સત્તા માત્ર અદાલત ને જ આપવામાં

આવે છે.

બૂઝ એલેન્સ કેસ (સુપ્રા)ના ચુકાદામાં, માનનીય સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું છે કે લોકલક્ષીનો અધિકાર એ સમગ્ર વિશ્વની સામે ઉપયોગમાં લઈ શકાય તેવો અધિકાર છે, જે વ્યક્તિના અધિકારથી વિપરીત છે, જે માત્ર ચોક્કસ વ્યક્તિઓ સામે જ રક્ષિત હિત છે અને વ્યક્તિગત રીતે કરવામાં આવતી ક્રિયાઓ કેસના વિષયવસ્તુમાં પક્ષકારોના અધિકારો અને હિતો નક્કી કરતી ક્રિયાઓનો ઉલ્લેખ કરે છે, જ્યારે, લોકલક્ષમાં કરવામાં આવતી ક્રિયાઓ મિલકતનું શીર્ષક અને પક્ષકારોના માત્ર તેમની વચ્ચે જ નહીં, પરંતુ તે મિલકતમાં હિતનો દાવો કરતી કોઈ પણ સમયે તમામ વ્યક્તિઓ સામે પણ અધિકારો નક્કી કરતી ક્રિયાઓનો ઉલ્લેખ કરે છે. ઉપરોક્ત ચુકાદામાં, તે સ્પષ્ટપણે ઠરાવવામાં આવ્યું છે કે જો અદાલતની ન્યાયિક અસર એ લોકલક્ષી ચુકાદો છે, તો ફક્ત એક માટે જાહેર જનતા એટલે કે અદાલતો અને પંચોને આવા વિવાદોનો ચુકાદો આપવો પડશે, પરંતુ પક્ષકારો દ્વારા સંમત થયા મુજબ લવાદ પંચ ને નહીં. જેટલા વિકાસ કરાર–કમ–અપરિવર્તનીય મુખ્યત્યારનામું નોધાયેલ છે અને તે મિલકતના હક ને લગતી છે, તેટલી જ કોઈ પણ રદબાતલ પક્ષકારોને મળેલા અધિકારોને દૂર કરવા પર અસર કરશે, આવી રદ કરવાની જાણ યથા નિર્દિષ્ટ દાદ અધિનિયમની કલમ ૩૧(૨) હેઠળની જોગવાઈને ધ્યાનમાં રાખીને દસ્તાવેજની નોંધણી કરાવનાર અધિકારીને કરવાની રહેશે. તેથી, અમે ધ્યાનમાં લીધેલ મત ધરાવીએ છીએ કે આ પ્રકારના કિસ્સાઓમાં આવી ન્યાયિક કામગીરી લોકલક્ષમાં કાર્ય કરશે. કોઈ પણ સંજોગોમાં, યથા નિર્દિષ્ટ દાદઅધિનિયમની કલમ ૩૧(૨) હેઠળની જોગવાઈના આધારે અદાલતોને આપવામાં આવેલી સત્તાને ધ્યાનમાં માં રાખીને,

માત્ર એક સક્ષમ અદાલતને જ, આ પ્રકારની રદ કરવાની અને તે અસર માટે તેમના પુસ્તકોમાં નોંધ કરવા માટે, સંબંધિત અધિકારીને, રદ કરવાનો હુકમનામું મોકલવાની સત્તા આપવામાં આવી છે. જ્યારે આવી વૈધાનિક સત્તા અદાલતોને આપવામાં આવે છે, ત્યારે પક્ષકારો વચ્ચે કરવામાં આવેલા કરારમાં લવાદની કલમ હોવા છતાં લવાદ દ્વારા આવી સત્તાનો ઉપયોગ કરી શકાતો નથી..."

૮. એલિયન્સ ડેવલપર્સ (સુપ્રા)માં ઉચ્ચ ન્યાયાલય ના ચુકાદાના આધારે **બૂઝ એલન** (સુપ્રા)ના આધારે વધુ એક અપવાદ બહાર પાડી શકાય કે કેમ તે હવે આપણે તપાસવાનું છે. **એલિયન્સ ડેવલપર્સ** (સુપ્રા) ની ચોકસાઈની તપાસ કરવા માટે, યથા નિર્દિષ્ટ દાદ અધિનિયમની કેટલીક કલમો નક્કી કરવી જરૂરી છે. સંબંધિત વિભાગો નીચે દર્શાવેલ છેઃ

**૪." વિશિષ્ટ રાહત ફક્ત વ્યક્તિગત નાગરિક અધિકારોના અમલીકરણ માટે જ આપવામાં આવશે, શિક્ષાત્મક કાયદાઓ લાગુ કરવા માટે નહીં.** – ચોક્કસ રાહત માત્ર વ્યક્તિગત નાગરિક અધિકારોને લાગુ કરવાના હેતુ માટે જ આપી શકાય છે અને માત્ર દંડાત્મક કાયદાને લાગુ કરવાના હેતુ માટે નહીં."

XXX XXX XXX

"**૨૬ . જ્યારે ખતને સુધારી શકાય છે.–** (૧) જ્યારે, છેતરપિંડી અથવા પક્ષકારોની પરસ્પર ભૂલ દ્વારા, લેખિતમાં કરાર અથવા અન્ય ખત (જે કંપની અધિનિયમ, ૧૯૫૬ (૧૯૫૬ નો ૧ ) લાગુ પડે છે તે કંપનીના સંગઠનના લેખો નથી) તેમનો વાસ્તવિક ઈરાદો વ્યક્ત કરતું નથી, તો પછી –

(અ) હિતમાં પક્ષકાર અથવા તેના પ્રતિનિધિઓમાંથી કોઈ પણ દસ્તાવેજમાં સુધારો કરવા માટે દાવો દાખલ કરી શકે છે; અથવા

(બ) વાદી, કોઈ પણ દાવામાં કે જેમાં ખત હેઠળ ઉદ્ભવતા કોઈપણ અધિકાર મુદ્દામાં હોય, તેની દલીલમાં દાવો કરી શકે છે કે ખતને સુધારવામાં આવે; અથવા

(ક) ખંડ (બ) માં ઉલ્લેખિત હોય તેવા કોઈ પણ દાવામાં પ્રતિવાદી, તેના માટે ખુલ્લા અન્ય કોઈ બચાવ ઉપરાંત, દસ્તાવેજમાં સુધારો કરવા માટે કહી શકે છે.

(૨) પેટા–કલમ (૧) હેઠળ કરાર અથવા અન્ય દસ્તાવેજમાં સુધારો કરવાની માંગ કરવામાં આવી હોય તેવા કોઈ પણ દાવામાં, અદાલતને જો લાગે કે દસ્તાવેજ, છેતરપિંડી અથવા ભૂલ દ્વારા, પક્ષકારોનો વાસ્તવિક ઈરાદો વ્યક્ત કરતું નથી, તો અદાલત, તેના વિવેકાધિકારથી, દસ્તાવેજમાં સીધો સુધારો કરી શકે છે, જેથી તે હેતુ વ્યક્ત કરી શકાય, જ્યાં સુધી આ ત્રીજા વ્યક્તિ દ્વારા સદ્ભાવના અને મૂલ્ય માટે મેળવેલા અધિકારો પ્રત્યે પૂર્વગ્રહ વિના કરી શકાય.

(૩) લેખિતમાં કરારને પહેલા સુધારી શકાય છે અને પછી જો સુધારણાનો દાવો કરનાર પક્ષકારે તેની અરજીમાં પ્રાર્થના કરી હોય અને અદાલતને યોગ્ય લાગે, તો તેને ખાસ લાગુ કરી શકાય છે.

(૪) આ કલમ હેઠળ કોઈ પણ પક્ષને દસ્તાવેજમાં સુધારો કરવા માટે કોઈ રાહત આપવામાં આવશે નહીં, સિવાય કે તેનો ખાસ દાવો કરવામાં આવ્યો હોય:પરંતુ જો કોઈ પક્ષે તેની દલીલમાં આવી કોઈ રાહતનો દાવો કર્યો ન હોય તો અદાલત, કાર્યવાહીના કોઈપણ તબક્કે, તેને આવા દાવાનો સમાવેશ કરવા માટે ન્યાયી હોય તેવી શરતો પર દલીલમાં સુધારો કરવાની મંજૂરી આપશે.

**૨૭ . જ્યારે છૂટછાટ આપી શકાય અથવા નકારી શકાય.–**

(૧ ) કરારમાં રસ ધરાવતી કોઈપણ વ્યક્તિ તેને રદ કરવા માટે દાવો કરી શકે છે, અને આવા રદબાતલનો નિર્ણય અદાલત દ્વારા નીચેના કોઈપણ કેસમાં થઈ શકે છે, એટલે કે:

(અ) જ્યાં વાદી દ્વારા કરાર રદબાતલ અથવા સમાપ્ત કરી શકાય તેવો હોય;

(બ) જ્યારે કરાર પ્રથમ નજરે ન જણાતા કારણોસર ગેરકાયદેસરનો ન હોય અને વાદી કરતાં પ્રતિવાદીને તે સબબ વધુ જવાબદાર ઠેરવવાનો હોય.

(૨) પેટા કલમ (૧) માં કંઈપણ હોવા છતાં, અદાલત કરારને રદ કરવાનો ઈનકાર કરી શકે છે.

(અ) જ્યાં વાદીએ સ્પષ્ટપણે અથવા ગર્ભિત રીતે કરારનો અમલ કર્યો હોય

(બ) જ્યાં, કરાર કર્યા પછી જે સંજોગો બદલાયા છે (પ્રતિવાદીના પોતાના કોઈ કૃત્યને કારણે નથી), પક્ષકારોને કરાર કરવામાં આવ્યો ત્યારે તેઓ જે સ્થિતિમાં હતા તે સ્થિતિમાં નોંધપાત્ર રીતે પુન:સ્થાપિત કરી શકાતા નથી; અથવા

(ક) જ્યાં ત્રીજા પક્ષોએ કરારના નિર્વહન દરમિયાન, સૂચના વિના અને મૂલ્ય માટે સદ્‌ભાવનાથી અધિકારો મેળવ્યા હોય; અથવા

(ડ) જ્યાં કરારનો માત્ર એક ભાગ રદ કરવાની માંગ કરવામાં આવે છે અને તે ભાગ બાકીના કરારમાંથી અલગ કરી શકાતો નથી.

સ્પષ્ટીકરણ– આ કલમમાં જે પ્રદેશોમાં મિલકત હસ્તાંતરણ અધિનિયમ, ૧૮૮૨ (૧૮૮૨ નો ૪) લાગુ પડતો નથી તેના સંબંધમાં "કરાર" નો અર્થ લેખિત કરાર થાય છે."

XXX XXX XXX

**"૨૯. વિશિષ્ટ કામગીરીને માટે દાવામાં મુક્તિ માટે વૈકલ્પિક પ્રાર્થના. –**

લેખિતમાં કરારની ચોક્કસ કામગીરી માટે દાવો દાખલ કરનાર વાદી વૈકલ્પિક રીતે વિનંતી કરી શકે છે કે, જો કરારનો ખાસ અમલ કરી શકાતો નથી, તો તેને રદ કરી શકાય છે અને રદ કરવા માટે પહોંચાડી શકાય છે; અને અદાલત, જો તે કરારને ખાસ અમલમાં

મૂકવાનો ઇનકાર કરે છે, તો તેને રદ કરવાનો નિર્દેશ આપી શકે છે અને તે મુજબ પહોંચાડી શકે છે.

**૩૦. અદાલતને પક્ષકારોને ઇક્વિટી કરવા માટે રદ કરવાની જરૂર પડી શકે છે.–**
કરારના નિર્ણયનો ચુકાદો આપતી વખતે, અદાલતને એવી જરૂર પડી શકે છે કે જે પક્ષને આવી રાહત આપવામાં આવી છે તે પક્ષને, જ્યાં સુધી હોઈ શકે ત્યાં સુધી, અન્ય પક્ષકાર તરફથી તેને મળેલો કોઈ પણ લાભ પુનઃસ્થાપિત કરે અને તેને ન્યાયની જરૂર પડે તેવું કોઈ વળતર આપે.".

XXX XXX XXX

"**૩૨. કયા અધિનિયમોને આંશિક રીતે રદ થઈ શકે છે–** જ્યાં કોઈ ખત વિવિધ અધિકારો અથવા વિવિધ જવાબદારીઓનો પુરાવો હોય, ત્યાં અદાલત, યોગ્ય કિસ્સામાં, તેને આંશિક રીતે રદ કરી શકે છે અને તેને રેસીડ્યુ તરીકે ગણી શકે છે.

**૩૩. જ્યારે ખત રદ કરવામાં આવે અથવા રદબાતલ અથવા રદબાતલ તરીકે સફળતાપૂર્વક પ્રતિકાર કરવામાં આવે ત્યારે લાભને પુનઃસ્થાપિત કરવાની અથવા વળતર આપવાની જરૂર છે.–**
(૧) ખત રદ કરવાનો ચુકાદો આપવા પર, અદાલત જે પક્ષને આવી રાહત આપવામાં આવી છે તે પક્ષને, જ્યાં સુધી તેને અન્ય પક્ષ તરફથી કોઈ લાભ મળ્યો હોય ત્યાં સુધી તેને પુનઃસ્થાપિત કરવાની અને તેને કોઈ વળતર આપવાની જરૂર પડી શકે છે, જે ન્યાય માટે જરૂરી હોય.
(૨) જ્યાં પ્રતિવાદી આધાર પર કોઈ દાવાનો સફળતાપૂર્વક પ્રતિકાર કરે છે –

(ક) દાવામાં તેની સામે અમલમાં મૂકવા માગેલ ખત રદબાતલ છે, જો પ્રતિવાદીને અન્ય પક્ષકાર તરફથી આ ખત હેઠળ કોઈ લાભ મળ્યો હોય તો, અદાલતને

તે પક્ષને આવો લાભ પુનઃસ્થાપિત કરવાની અથવા તેના માટે વળતર આપવાની જરૂર પડી શકે છે;

(ખ) ભારતીય કરાર અધિનિયમ, ૧૮૭૨ (૧૮૭૨નો ૯)ની કલમ ૧૧ હેઠળ કરાર કરવા માટે સક્ષમ ન હોવાને કારણે દાવામાં તેમની સામે લાગુ કરવા માગેલ કરાર રદબાતલ છે, અદાલત, જો પ્રતિવાદીને અન્ય પક્ષકાર તરફથી કરાર હેઠળ કોઈ લાભ મળ્યો હોય, તો તેને પુનઃસ્થાપિત કરવાની જરૂર પડી શકે છે, જ્યાં સુધી હોઈ શકે ત્યાં સુધી, તે પક્ષને આવો લાભ, તે અથવા તેની મિલકતને તે હદ સુધી ફાયદો થયો છે.

**૩૪. સ્થિતિ અથવા અધિકારની જાહેરાત અંગે અદાલતનો વિવેકાધિકાર–**

કોઈ પણ કાનૂની પાત્ર, અથવા કોઈ પણ મિલકત અંગેના કોઈ પણ અધિકાર માટે હકદાર હોય તેવી કોઈ પણ વ્યક્તિ, આવા પાત્ર અથવા અધિકારને તેના શીર્ષકનો ઇનકાર કરતી અથવા નકારવામાં રસ ધરાવતી કોઈ પણ વ્યક્તિ સામે દાવો દાખલ કરી શકે છે, અને અદાલત તેના વિવેક મુજબ તે પોતે હકદાર છે તેવી નિવેદન કરી શકે છે, અને આવા દાવામાં વાદીએ વધુ કોઈ રાહતની માગણી કરવાની જરૂર નથી:

પરંતુ કોઈ પણ અદાલત આવી કોઈ જાહેરાત કરી શકશે નહીં જ્યાં વાદી, માત્ર હકની ઘોષણા કરતાં વધુ રાહત મેળવવા માટે સક્ષમ હોવાને કારણે, તેમ કરવાનું બાકાત રાખે છે.

સ્પષ્ટીકરણ– મિલકતનો ટ્રસ્ટી એ "નામંજૂર કરવામાં રસ ધરાવતી વ્યક્તિ" છે, જે શીર્ષકની પ્રતિકૂળ વ્યક્તિ છે. જેનું અસ્તિત્વ નથી, અને જો અસ્તિત્વમાં હોય તો, તે ટ્રસ્ટી હશે.

**૩૫. ઘોષણાની અસર.–** આ પ્રકરણ હેઠળ કરવામાં આવેલા નિવેદન માત્ર દાવાના પક્ષકારો, તેમના દ્વારા દાવો કરતી વ્યક્તિઓ, અને, જ્યાં કોઈ પણ પક્ષકાર ન્યાસી હોય ત્યાં, એવી વ્યક્તિઓ પર બંધનકર્તા છે, જેમના માટે, જો નિવેદનની તારીખે અસ્તિત્વમાં હોય, તો આવા પક્ષકારો ન્યાસી હશે."

શ્રીમતી દોશીના કેસની મુખ્ય આધાર, એટલે કે, **બૂઝ એલન** (સુપ્રા)માં ચુકાદો, **ઓલિમ્પસ સુપરસ્ટ્રક્ચર્સ વિ. મીના વિજય ખેતાન, (૧૯૯૯) ૫ એસસીસી ૬૫૧** [હવેથી "**ઓલિમ્પસ**" તરીકે સંદર્ભિત કરવામાં આવે છે] માં આ અદાલતના ચુકાદાનો ઉલ્લેખ કરે છે, જેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે લવાદ સ્થાવર મિલકતને લગતા કરારોની ચોક્કસ કામગીરી કરવાની સત્તા અને અધિકારક્ષેત્ર ધરાવે છે (જુઓ ફકરા ૪૩ અને ૪૪).

૯. **ઓલિમ્પસ** (સુપ્રા)માં ચુકાદાનું અવલોકન કરતા જણાય છે કે આ અદાલતને સ્થાવર મિલકતને લગતા કરારની ચોક્કસ કામગીરી બિલકુલ લવાદી છે કે કેમ તે અંગે ઉચ્ચ અદાલતો દ્વારા લેવામાં આવેલા જુદા જુદા મંતવ્યોનો સામનો કરવો પડ્યો હતો. **સુલોચના ઉપ્પલ વિરુદ્ધ સુરિન્દર શીલ ભાકરી, એ. આઈ. આર. ૧૯૯૧ ડેલ ૧૩૮** [ત્યારબાદ "**સુલોચના ઉપ્પલ**" તરીકે ઓળખવામાં આવે છે] માં દિલ્હી ઉચ્ચ અદાલતે એવું માન્યું હતું કે કરારની ચોક્કસ કામગીરી મધ્યસ્થી દ્વારા આ કારણોસર આપી શકાતી નથી કેઃ

> "**૧૫.** વિવાદને આર્બિટ્રેશનમાં મોકલવા માટેનો કરાર, જેની અસર વેચવાના કરારની ચોક્કસ કામગીરીને નિર્દેશિત કરતો ચુકાદો હશે, તેનો હેતુ યથા નિર્દિષ્ટ દાદ અધિનિયમની જોગવાઈઓ, ખાસ કરીને તેની કલમ ૧૦ અને ૨૦ ના હેતુને જાળવવા માટે નથી.

ઉપરોક્ત જોગવાઈઓનો સ્પષ્ટ ઈરાદો એ છે કે માત્ર અદાલતો અને માત્ર અદાલતો જ ચોક્કસ કામગીરીને મંજૂરી આપવા અથવા નકારી કાઢવાનો અધિકારક્ષેત્ર ધરાવશે."

આમ, વિદ્વાન સિંગલ જજ બોમ્બે હાઇકોર્ટ અને પંજાબ હાઇકોર્ટના વિરોધાભાસી દ્રષ્ટિકોણથી અસંમત હતા.[1]

૧૦. એ નોંધવું અગત્યનું છે કે આ અદાલતે કલકત્તા ઉચ્ચ અદાલતના ચુકાદા સહિત ઉપરોક્ત તમામ ત્રણ ચુકાદાઓનો ઉલ્લેખ કર્યો હતો. પંજાબ, બોમ્બે અને કલકત્તા ઉચ્ચ ન્યાયાલયનો મત સાચો છે અને દિલ્હી ઉચ્ચ ન્યાયાલયનો મત ખોટો હોવાના કારણે તેને નકારી કાઢવામાં આવ્યો છે તેવા નિષ્કર્ષ પર પહોંચતા, આ અદાલતે **હેલ્સબરીના ઇંગ્લેન્ડના કાયદાના** એક મહત્વપૂર્ણ ફકરાનો નીચે મુજબ ઉલ્લેખ કર્યો છેઃ

"**૩૫.** તે હેલ્સબરીના ઇંગ્લેન્ડના કાયદાઓ, ચોથી આવૃત્તિ, (લવાદી, વોલ્યુમ. ૨, ફકરા ૫૦૩) નીચે મુજબ છેઃ"

૫૦૩. વિવાદ અથવા તફાવતનો પ્રકાર– વિવાદ અથવા તફાવત કે જેનો ઉલ્લેખ કરવા માટે લવાદ કરારના પક્ષકારો સંમત થાય છે તેમાં ન્યાયસંગત મુદ્દો હોવો જોઈએ જે અદાલતની દીવાની કાર્યવાહીને પાત્ર છે. આની એક વાજબી કસોટી એ છે કે શું સમજૂતી અને સંતોષ (સીએફ. બી.એ.સી. એબ્રેબ

1 આ અદાલતે ઓલિમ્પસ સુપર સ્ટ્રક્ચર વિ. મીના વિજય ખેતાન, (૧૯૯૯) ૫ એસ.સી.સી. ૬૫૧માં ખોટી રીતે દિલ્હી ઉચ્ચ અદાલતના પી.એન.બી. ફાયનાન્સ વિ. શીતલ પ્રસાદ જૈન, એ.આઇ.આર. ૧૯૯૧ દીલ્હી, ચુકાદાનો ખોટી રીતે ઉલ્લેખ કર્યો છે. (ફકરો ૩૩ જુઓ)

આર્બિટ્રેમેન્ટ એન્ડ એવોર્ડ એ) દ્વારા આ તફાવત સાથે કાયદેસર રીતે સમાધાન કરી શકાય છે કે કેમ."

**૩૬.** તદુપરાંત, કલકત્તાના કેસમાં [૧૯૯૭ના એ.પી.ઓ. ૪૯૮ અને (૪૦૧)ના એપીઅો ૪૪૯માં દર્શાવ્યા મુજબ, માત્ર એટલા માટે કે વિશિષ્ટ કામગીરીના કિસ્સામાં વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવાની જરૂર છે, એવું કહી શકાય નહીં કે માત્ર દીવાની અદાલત જ આવી વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી શકે છે.ઉપરોક્ત કેસમાં, શ્રીમતી રુમા પાલ, જે. એ અવલોકન કર્યું:

> "... માત્ર એટલા માટે કે યથા નિર્દિષ્ટ દાદઅધિનિયમની કલમો અદાલતોને કરારની ચોક્કસ કામગીરી આપવા માટે વિવેકબુદ્ધિ આપે છે તેનો અર્થ એ નથી કે પક્ષો સંમત થઈ શકતા નથી કે વિવેકાધિકારનો ઉપયોગ તેમની પસંદગીના મંચ દ્વારા કરવામાં આવશે.જો વાતચીત સાચી હોય, તો પછી જ્યારે પણ કોઈ દાદ કાયદા દ્વારા અદાલતની વિવેકબુદ્ધિના ઉપયોગ પર આધારિત હોય, દા.ત. વ્યાજ અથવા ખર્ચની મંજૂરી પર આધારિત હોય, ત્યારે પક્ષકારોને વિવાદને લવાદમાં સંદર્ભિત કરવાથી બાકાત રાખી શકાય છે. "

